બાહ્ય મહાપુરૂષો.

ભાગ ૧ લો.

લખનાર.

મોતીભાઇ રાયજીભાઈ વરેડીઆ.

છપાવી પ્રસિદ્ધ કર્ત્તા.

ભીખાભાઇ છોટાલાલ ઠક્કર.

વડનગર (ગુજરાત).

આવૃતી ૧ લી. પ્રત ૨૫૦

અમદાવાદ—શ્રી જૈન વિદ્યાવિજય પ્રેસમાં

શા. ચુનીલાલ અમથાશાએ છાપ્યું.

સંવત. ૧૯૬૯. સને ૧૯૧૩.

કીંમત ૦-૨-૬.

મફત ભેટ બહા.

અમારા તરફથી દર મહીને એક નૉવેલ બહા...
આવી રીતે બાર માસના નૉવેલના ગ્રાહક થનાર પા
કંઇ પણ કીંમત નહીં લેતાં ફક્ત પોસ્ટેજના છ આ
લઈશું. અને પૈસા મોકલી અગાઉથી નામ નોંધાવન
શીલક હશે ત્યાં સુધી શ્રીયુત ગોપાળજીનું જીવન ચ
(સચિત્ર) વધારા તરીકે ભેટ મળશે. વાર્તા માળાનું પ
પુસ્તક—

દુઃખી સંસારનો અનુભવ.

ચૈત્ર સુદ ૧ ના રોજ ગ્રાહકોને મોકલવામાં આવશે. માટે પૈસા મોકલી અગર વી. પી. થી ભેટ મંગાવી લ્યો. પુસ્તક બહાર પડયા પછી કે સીલક થઈ રહે ભેટ મલશે નહી-તાકીદે લખો.

બી સી ઠક્કર
વડનગર [ગુજરાત].

ક્ષમા !

આ અને બીજા ભાગમાં બે પ્રાચીન ભકત સ્ત્રી કવીઓનાં વૃત્તાંત દાખલ કીધાં છે તે જો કે અસ્થાને છે પરંતુ બે ભાગમાં જગ્યા વધારે હોવાથી સદરહુ સ્ત્રીઓ જુના સમયની હોવાથી દાખલ કીધી છે.

લી. કર્તા,

અહિંસ વૃત્તનું પાલન કરનાર

સવરીબાઈ

[૧]

હાલ જેને નાગપુર કહે છે ત્યાં પૂર્વે એક ભિલ્લ રાજા રાજ્ય કરતો હતો તેને સવરી નામની એક છોકરી હતી કેટલાક લેખકો એને શબરી કહે છે. એક હસ્તલેખીત વ્રજ ભાષાના પુસ્તકમાં પણ એને શબરીના નામથીજ ઓળખવામાં આવેલી છે. શ.ળાપત્ર ૧૯૧૧ ના એક, અંકમાં તથા ભક્તમંળમાં એને શબરીજ કહેલી છે. ખરૂં નામ શવરી છે. હિંદી ભાષાના પુસ્તકમાં શબરી લખી છે તેનું કારણ મારી અલ્પ મતી પ્રમાણે એમ જણાય છે કે એમાં વ નો ઉચ્ચાર નહિ હોવાથી બ વાપરેલો હોવો જોઇએ.

શવરી ભીલ્લ જાતીમાં હોવા છતાં પોતાના સંચિત પ્રારબ્ધયોગે થોડો ઘણો વિધાભ્યાસ કર્યો હતો. એનું વય વિવાહ લાયક થવાથી તેના માબાપે લાયક વર જોઇ સગપણ કરી લગ્નનો દિવસ નક્કી કર્યો. એક દહાડો પોતાની માતા સાથે શવરી ફરવા ગઇ. આ વખતે લગ્નની ફક્ત થોડા દિવસની વાર હતી. ફરીને પાછા આવતાં બકરાનું એક મોટું ટોળું એક જગ્યાએ બાંધેલું દ્રષ્ટીગોચર થયું.

તે જોઇ માતુશ્રીને શવરીએ પૂછ્યું કે "માજી ! એ બકરાંનુ ટોળું અહિં કોણે અને શા કારણથી બાંધ્યું છે" ? માતુશ્રી બોલી "એના તારા લગ્ન વખતે આવનાર જાનૈયા તથા આપણાં સગાંસહોદરને નાતની રીતી મુજબ મહેમાની આપવી પડશે, અર્થાત્ ન્યાતને જમાડવી પડશે તેમાં એનો વધ કરવાનો છે અને તે તારા પિતાએ બંધાવ્યું છે." માતાનાં વચન સાંભળી શવરી એકાએક મૂર્છા ખાઈ ધરણીપર ઢળી પડી, (ગબડી પડી) એ જોઈ તેની માતાએ તેના શરીર ઉપર થંડા જળનું સિંચન કર્યું એટલે ઘણી વારે તે સાવધ થઇ. પછી તે તેને સમજાવી ઘેર તેડી ગઈ. પરંતુ પેલાં બકરાં તરફનો દયાભાવ તેણીના અંતઃકરણમાંથી જરાએ ખસ્યો નહિ.

અરેરે ! મારા લગ્ન વખતે આટલા બધા જીવનો વધ ! ધિક્કાર છે મારા જીવતરને કે એ બકરાંના મોતરૂપ હું થઇ પડી ? હું નાનપણમાં શેં ન મરી ગઈ ? મને હડકાએ કૂતરે કેમ ન કરડી ! મને કાળે નાગે કેમ ન ડસી ! વગેરે વગેરે પશ્ચાત્તાપ કર્યો.

રાત પડી એટલે શવરી છાનીમાની સાગ, સીસમ, સોગટા, કદળી, કેળ, ચીતરા, વાઘ, વરૂ, રીંછ, ભુંડ, શાઉડી, અને શિયાળ વગેરે વૃક્ષો તથા જાનવરોથી ભરેલા ભયંકર જંગલમાં એકવાર પોતાના નગરને છેલ્લા પ્રણામ કરી, નિહાળી હર્ષથી જતી રહી. રખડતી થઈ; રાનમાં રખડતાં રખડતાં માતંગઋષિના આશ્રમ નજીક ઝુંપડી બાંધી રહી. દરરોજ શવરી તે ઋષિના આશ્રમમાં ચુપચુપ લાકડાંનો ભારો નાંખી આવતી, કોઈ દહાડો ભુલતી નહિ

ભાગ્યેજ જુલતી એ પ્રમાણે પરોપકારનું કામ કરતી; કંદમુળ, ભાજીપાલો વગેરે ખાઇ મગ્ન રહેતી. દરરોજ લાકડાંનો ભારો કોણ નાંખી જાય છે, તે વિચાર વમળમાં તે ઋષિના શિષ્યો ડુબતા, નીકળતા એમ કર્યા કરતા હતા. વળી ઘણી ઘણી બાતમી મેળવવા ઘણી ઘણી શોધો કરતા પરંતુ ભારો નાંખનારનું નામ નિશાન જડતું નહોતું. શવરીને એક દહાડો ત્યાં લાકડાંનો ભારો નાંખી આવવામાં વિલંબ થયો. તેથી ઉતાવળી ઉતાવળી ભારો નાંખવા જતી હતી તે વખતે એક સાંકડી ગલીના રસ્તામાં માતંગ ઋષિનો એક અહંકારી શિષ્ય સામો મળ્યો. તે સ્નાન કરી આવતો હતો. તેણે મનમાં વિચાર્યું કે આપણા મઠમાં દરરોજ લાકડાનો ભારો નાંખનાર આ ભીલડીજ હોવી જોઇએ, બીજું કોઈ નહિ. તેથી ક્રોધાવેશમાં આવી જઇ તેને એક તમાચો મારી ચાલતો થયો. શવરી રડવા લાગી એટલામાં માતંગઋષિ પોતે ત્યાં આવ્યા.

શવરીને રડતી જોઇ એને પુછ્યું કે "બેન ! તું કેમ રડે છે? તને કોઇએ મારી છે"? શવરી કહે, "ગુરૂજી તમારા એક શિષ્યે મારી પ્રાર્થના સ્વીકારી નહિ. મેં વિચાર્યું કે ગુરૂભાઇએ પ્રાર્થના સ્વીકારી નહિ તો ગુરૂ શી રીતે કબુલ કરશે"? તેથી હું રડું છું. બેન ! ધીરજ ધર સૌ સારાં વાનાં થશે. તને એક હજાર વર્ષ પછી પરમેશ્વર મળશે. તું તેની સારી રીતે બંદગી કરજે એમ કહી માતંગઋષિ ચાલ્યા ગયા.

શવરીને તમાચો મારવાથી પંપા સરોવરનું[1] પાણી તદન મેલું

---

૧ એક હસ્તે લેખીત હિંદી પ્રતમાં સરિતા બગડી ગઈ એમ લખેલું છે.

થઇ ગયું-લીલ બાઝી ગઇ. જીવ પડી ઉઠયા તેથી ત્યાં વસનાર ઋષિમુનિઓને તેમ પશુ પક્ષીઓને પાણીની તંગાસ જણાવા લાગી.

ગર્વ એજ વિનાશનું મૂળ છે. જડમૂળમાંથી ઉખેડી નાંખનાર જળપ્રવાહ છે. થડમાંથી કોતરી ખાનાર કીડો છે. ગર્વથી મોટા મોટા છત્રપતિયો ચપટીના સપાટે, દમના દમામે, પવન વેગે, અને જળના જોરે જતા રહ્યા છે. હાલ તેમનાં નામ કોઇ સંભારતુંએ નથી. પ્રસંગે સંભાળે છે તો કહે છે કે આવો હતો, તેતો ઢીંગણો હતો, તેતો ફલાણા કામનો ભોગી હતો. તેથી તે કામમાં મુઓ એવા હવાઇ હલકાઓ પાછળની પ્રજાને નિંદા કરવા મુકી જાય છે. જુઓઃ—"રાવણ રોળાયો, તો આપણું શું ગજું". ચેલાએ શવરીને તમાચો માર્યો તેમાં તે શું કમાયો? કમાયો નહિ પણ ગમાયો છેઃ એમ કહ્યા વગર છુટકો નથી. કેમકે સરોવરનું પાણી બગડવાથી કેટલાંક પશુ પક્ષી અને માણસ જળ વિનાના તરફડી તરફડી મરી ગયાં હશે. તેનું તમામ પાપ તેને માથે ભોગવવું પડશે. એ તેણે અમૂલ્ય બક્ષીસ મેળવી, બીજી નહિ.

ઇષ્ટ પ્રભુના સ્મરણમાં દિવસ કે રાત ક્યાં જાય છે તેની શવરી બાઇને ખબર નહોતી, હજાર વરસ પૂરાં થતે રામ શવરી આશ્રમે દોડી આવ્યા. અચાનક આવી ઉભા રહ્યા. તેમને શવરી પ્રેમસર પાયે લાગી ભેટી પડી. અને રાખી મુકેલાં અજીઠાં બોર તેમને ખાવા આપ્યાં. અડધાં રામે ખાધાં અને અડધાં લક્ષ્મણને ખાવા આપ્યાં. પરંતુ લક્ષ્મણે તો તે અજીઠાં જાણી ખાધાં નહિ. રામે એ વાત યાદ રાખી લક્ષ્મણને જ્યારે લંકામાં યુદ્ધ વખતે

સાંગ વાગી મૂર્છા ખાઇ ધરણીપર પડી ગયા હતા તે વખતે પેલા બોરની મૃતસંજીવનીની રાખ બનાવી રાખી હતી તે ખવાડી તેથી તેમની મૂર્છા મટી હતી.

શવરી આશ્રમે રામ આવેલાછે. એવું જાણી માતંગઋષિના શિષ્યો ત્યાં આવ્યા. પ્રથમ દર્શન કરી પાયે લાગ્યા, પછી બોલ્યા કે "દીનદયાળ પ્રભુ ! ચંપા સરોવરનું પાણી બગડી ગયુંછે જેથી અમને ઘણીજ અડચણ પડે છે. માટે અંદર પગ મુકો કે પાણી સ્વચ્છ થઇ રહે." રામે પગ મુકયો પણ પાણી સ્વચ્છ થયું નહિ. રામે તેમાં પગ મૂકયો છતાં પાણી નિર્મળ થઇ રહ્યું નહિ એટલે તેમણે પુછ્યું કે "આ પાણી બગડવાનું કારણ શું"? ત્યારે તે શિષ્યો પૈકી એક ડાહ્યો શિષ્ય બોલ્યો કે "મહારાજ ! અમારામાંના એક શિષ્યે શવરીને તમાચો માર્યો ત્યારથી પાણી બગડી ગયું છે." રામે કહ્યું "જાઓ ત્યારે શવરીને પગ મુકવા કહો." ચેલાઓએ શવરી પાસે પગ મુકાવ્યો એટલે પાણી પહેલાંની માફક થઇ રહ્યું. પ્રભુએ પોતાનો પગ પાણીમાં મુકયો છતાં પાણી ચોખ્ખુ થયું નહિ એ તેમણે જાણી બુજીને કર્યું હતું. કેમકે મારા ભક્તની વા'રે હું ન ચઢું તો પછી મારી બંદગી અને વિશ્વાસ કોણ કરે ! એ હેતુ હતો. પાણી મેલું થઇ ગયું હતું. તેની ખબર તેમને હતી ત્યાર પછી થોડા વખતમાં રામ બીજે આશ્રમે ગયા અને શવરી થોડા વરસમાં મરણ પામી મોક્ષે ગઇ.

પરોપકારી પરમ ભક્ત

ચાંપો.[1]

(૧)

એ જાતે ભીલ હતો. એનો જન્મ ક્યાં થયો એની સાબીતી નથી. એણે સંસાર અસાર છે, અનિત્ય છે, એમ સમજી છૈયાં છોકરાં ઉપરથી મોહ તજી દઈ હરિભક્તિમાં મન પરોવ્યું. પોતાને રહેવા માટે એણે એક ગુફા શોધી કાઢી હતી તેમાં ધણી ધણીઆણી રહી ઇશ્વર રટનમાં દિવસ નિર્ગમન કરતાં હતાં. તે ગુફામાં બે જણથી વધારે માણસો રહી શકે તેમ નહોતું કેમકે જગ્યા સાંકડી હતી.

એક દિવસે એક બ્રાહ્મણ કાશીએ કરવત મુકાવા જતો હતો પણ તે કમનશીબે રસ્તે ભુલો પડવાથી ત્યાં જઇ ચઢયો. બ્રાહ્મણને આવેલો જોઇ તેને પ્રભુ સમાન ગણી બંને પૂજવા લાગ્યાં. અને ઉમંગથી આગતા સ્વાગતા કરવા લાગ્યાં. સાંજ પડી એટલે એ બ્રાહ્મણને સુવાડવા માટે ચાંપાને ચિંતા ઉત્પન્ન થઇ. કારણ કે ગુફા સાંકડી હતી. ચાંપે વિચાર કીધો કે જો હુ તેમને ગુફા બ-

---

૧ આ વૃતાંત દંતકથા ઉપરથી લીધું છે. પરંતુ આનો હેવાલ નળાખ્યાનની અંદર એક ભીલનો હેવાલ આવે છે જે હંસ નળને કહી બતાવે છે તે તેને મળતો આવે છે.

હાર સુવાડું છું તો આ જંગલમાં વાઘ, વરૂ, વગેરે હિંસક પશુ-
ઓનો ભય વધારે છે તે કદાચ તેમને મારી નાંખે તો મને નાહક
બ્રહ્મહત્યા લાગે; માટે મારે બહાર સુવું (મને પશુઓ મારી
ખાશે તેની ફિકર નથી) અને તેમને ગુફાની અંદર સુવાડવા.
તે પ્રમાણે તેમને ગુફા અંદર સુવાડયા. અને પોતે બહાર સુતો.
ધન્ય છે આ નરરત્નને! કે પારકા માટે પોતાનો પ્રાણ જોખમ-
માં નાંખવા તૈયાર થયો. દુનિયામાં એવો માણસ ભાગ્યેજ સો-
માંથી એક નિકળી આવે છે, કેમકે એવો કોણ અભાગીઓ અને
કમનશીબ હોય કે પોતાનો પ્રાણ જોખમમાં નાંખે ? આજના સ-
મયમાં દુનિયા પોતાના સ્વાર્થમાંજ મચી રહેલી છે. અને પરમાર્થ
શું ચીજ છે તે સમજતી નથી. પોતાનું પેટ ઉપર સુધી ભરાયું
કે બસ હોઇઆં! હોઇઆં! પોતાને તાવ આવે છે કે કંઇ વાગે
છે તો કેટલો ગભરાય છે! તો આતો મોત! છોકરાં છૈયાંથી જુ-
દાઈ! પોતાની સ્ત્રીથી વિમુખ! દુનિયાનું સાકર સરખું સુખ તજી-
ને જવું એ કોને વહાલું લાગે? કોને પ્યારૂં લાગે? વખતે જુવાન
માણસોને મોત વહાલું ન હોય પણ ઘરડાં ડગરાંને પણ મોત
વહાલું હોતું નથી, એ નીચેની વાત પરથી જણાય છે.

જુઓ:–"એક બુઢ્ઢી ખખ થએલી સ્ત્રીની મહેરતી નામની જવાન
છોકરી હતી. તે એકવાર બહુ માંદી પડી; આથી ડોશી અત્યંત
કલ્પાંત કરવા લાગી, માનતાઓ કરી, કે હે જગદીશ્વર! આ મારી
દીકરી ઉપર કૃપાદ્રષ્ટી કર, અને હું જે હવે દુનિયાથી ધરાઈ રહીછું,
લાંબુ આયુષ્ય ભોગવ્યું છે, મારૂં શરીર બેવડું વળી ગયું છે, ડાચાં
બેસી ગયાં છે, માટે મને ઉપાડી લે; મારા આવરદાના જે કંઈ

દહાડા રહ્યા હોય તે લઇ એની ઉમરમાં વધારીદે. એવી રીતે ઘણા દહાડા લગણ એણે પ્રાર્થના કરી. એક દિવસ એમ બન્યું કે ડોશી બહાર ગઈ હતી, અને તેની ગેરહાજરીમાં એક ગાય રસોડામાં પેશી ગઇ અને એક હાંલ્લામાં મોઢું ઘાલ્યું અને તેમાં જે કંઇ હતું તે ખાઇ ગઈ; પણ પાછું મોં બહાર નીકળે નહિ, આંફળી ફાંફળી ભમવા લાગી. આ વખતે ડોશી આવી પહોંચી અને ઘરમાં આવી જુએ છે તો એક વિચિત્ર અને ડરામણી આકૃતિ તેની નજરે પડી. મનમાં એમજ લાગ્યું કે આતો નક્કી મને જમદુત લેવા આવ્યો છે. કેમકે હું સદા એવી રીતે પ્રાર્થના કરતી હતી તે ઝટ બોલી ઉઠી કે—

મલે કુલ મૌત મનન મહેસ્તી અમ, મનયકી પીરે ઝાલે મહેનતીયમ
ગરતુ ખાહીકે જાનશઅસિતાની, અંદર ખાનખાને આસ્તતાદાની;
અરતુરા મેહેસ્તી હસ્ત અંદરકાર, ઇનાકા ઉશ બબર મરા બુગજાર.

અર્થ:—"મલે કુલ મૌત (જમરાજા) હું મહેસ્તી નથી, હું તો એક મહેનત કરનારી વૃદ્ધ ડોશી છું, જો એનો જીવ લેવાની તારી ઇચ્છા હોય તો જાણ કે તે ઘરની અંદર છે. મહેસ્તીની સાથે તારે કામ હોય તો પેલી રહી, એને લઇ લે અને મને છોડી દે," આ પ્રમાણે મોત કોઈ પણ માણસને પ્રિય નથી, પછી ભલે તે વૃદ્ધ હોય।

નિબંધ કટમાળા ભા. ૨

થોડી રાત વીતતાં એક રાક્ષસે આવી પેલા ચાંપાને મારી નાંખ્યો. પ્રભાત થતાં ગુફામાં સુતેલો બ્રાહ્મણ ઉઠયો. અને બહાર

આવી જાુએ છે તો ચાંપો જણાંયો નહિં એની સ્ત્રી મહા કલ્પાંત કરવા લાગી, માથું કુટવા લાગી. પણ તેમાં શું વળે, એવું હતું અંતે નિરાશ થઇ આવતા ભવમાં મને એજ ધણી મળજો કહી, કલ્પાંત કરી ધણી પાછળ મરણ પામી. આ બનાવ જોઇ પેલા બ્રાહ્મણનાંતો હાંજાંજ ગગડી ગયાં, અને રૂએ રૂએ શોકના શેરડા પ્રસરી ગયા. છેવટ તેણે મનમાં નિશ્ચય કીધો કે મારા લીધે ચાંપો મુઓ, તેની સ્ત્રી મરી, તો હું શા માટે જીવતો રહું ? જીવતો રહું તો મારા અવતારને ધિકાર છે પછી તે પણ મરી ગયો. એ પ્રમાણે ત્રણેના જીવ ગયા ધન્ય ચાંપાને।

પરમ ભકત

બાજી ઉર્ફે પ્રેમદાસ.

(૩)

એ મિસ્ત્રી જ્ઞાતિમાં થયા. એમનો જન્મ મોજેઅર ગામા તાલુકે વાગરામાં થયો હતો. એમના દાદાનું નામ વિશ્રામ અને બાપનું નામ મોતી હતું.

એ ઘરના ઘણા ગરીબ હતા. તેથી પોતાનું ગુજરાન થોડી ખેતી વડે ચલવતા હતા. વરતણની થોડી જમીન હતી તે અને થોડી ગણોતે રાખી ખેડતા હતા.

એ નાના હતા ત્યારથી તેમનું મન ભક્તિ તરફ વળેલું હતું. જ્યાં ભજન થાય, ત્યાં ગમે તેવું ઉતાવળું અને અગત્યનું કામ પડતું મુકી જતા. કોઇ કહે અલ્યા બાજી ! આજે તો ફલાણે ગામ ભજન થાય છે તારે જવું છે ? તો સામે ઉત્તરમાં હા કહેતા. પછી જતા. ભલે પછી તે ગામ ચાર કે પાંચ ગાઉ શે ન હોય ! ભજન ધ્યાનપૂર્વક સાંભળતા-સમજતા પછી શીખી લેતા. અને ગાતા. કોઈ કોઇ વખત ભજનનો ભેદ સમાન વયના માણસોમાં પૂછતા ખુલાસો મનગમતો થતો તો તે બીજાને પૂછતા નહિ, પણ ન થાય તો પૂછતા.

એમની ૩૦-૪૦ વરસની ઉમર થઇ તે વખતે વલ્લભપુરી નામે એક ગોસાઇ-સાધુ-તે ગામમાં જઇ ચઢયા તેમનુ ભજન કિર્તન એઓ હંમેશ સાંભળતા અને મનન કરતા. થોડા વખત પછી આ લીમપુરાના ગોસાઈ સાધુ ધરમગીર અરગામે ગયા તેમની ભજન ગાવાની અલૌકિક પદ્ધતિ જોઈ એઓ તેમના શિષ્ય થયા એમની ભજન ગાવાની છટા જોઇ, પ્રેમ જોઈ, દ્રઢતા જોઈ, ધરમગીરે એમનું નામ પ્રેમદાસ પાડયું. ધરમગીર એ નિરાંત પંથના સાધુ હતા.

એઓને માથે સંકટનું વાદળું તુટી પડયું ત્યારે એક પાટીદારને ત્યાં ચાકર રહ્યા તે પાટીદાર એમને બાજીઆ ! બાજીઆ ! કહી બોલાવતો હતો. ભજનની એમને એવી ધુન લાગી હતી કે આખી રાત ભજન ગાતા અને સાંભળતા અને દહાડે હળ જોડતા કોઈ કોઇ દહાડો જમીન ખેડતાં ખેડતાં ભજન ગાતા અને તાન ચઢી આવવાથી ઉંચા ઉંચા કુદતા. એક દિવસે એ

જમીન ખેડતા ખેડતા ભજન ગાતા અને ખીલીઉં હાથમાંથી છોડી કુદતા હતા તે બનાવ કોઈ પાટીદારના જોવામાં આવ્યો. તે પાટીદારે ગામમાં જઈ એમના પટેલને બનેલી સઘળી હકીકત કહી. પણ એના પટેલે તે વાત સાચી માની નહિ. એક બે દિવસમાં ફરી તેવીજ બુમ બીજા માણસો લાવ્યા એના પટેલે વિચાર કર્યો કે વખતે એક માણુસની વાત ખોટી મનાય પણ પાંચ દસ માણુસોની ખોટી મનાય નહિ તેથી પોતે એક દિવસે જ્યાં બાજી ભક્ત ખેડવા ગયો હતો ત્યાં જઇ તે ખેતરની વાડ ઓથે સંતાઈ ઉભો રહ્યા તેનું હમેંશનું કર્તવ્ય જોવા લાગ્યો. એમણે અગાઉની પેઠે પોતાનું તે કામ હર્ષથી કરવા માંડ્યું તે જોઇ એના પટેલે સર્વે લોકોની કહેલી વાત સાચી માની અને તે છાનોમાનો પોતાના ઘેર આવતો રહ્યો. સાંજે જ્યારે બાજીભક્ત ઘેર આવ્યા ત્યારે એના પટેલે ધીમે રહી પૂછ્યું કેઃ—"અલ્યા બાજીઆ! તારે ભક્ત થઈ જવું છે? જો તારે ખરા "અંતઃકરણથી ભક્ત થઇ ભક્તિજ કરવી હોય તો આજથી તને હું નોકરીપરથી છુટો કરૂં છું. જા તારી પાસે જે પૈસા હું માગું છું તે આજથી માફ. એમણે હા પાડી. ત્યારથી એમણે ખરી ભક્તિ કરવા માંડી હતી.

એઓ સદાચારી, પરોપકારી, ક્ષમાવંત, દયાવંત, અને ધીરજવાન વગેરે ગુણોથી ભરેલા હતા. ચાલુ જમાનામાં એમના જેવા ભીલ ભક્ત કોઇ થયા નથી. અને થવા પણ દુર્લભ છે.

ભક્તશ્રીએ પોતાની ઇંદ્રિયો કબજે રાખી હતી જ્યારે એઓ શિષ્યો કરતા ત્યારે પાટમાં (ગાદી ઉપર) જે પૈસા આવતા તે બીજા ભક્તોની પેઠે ઓઇઆં કરતા નહિ કે છોકરાં છૈયાંને આ-

પના નહિ પણ સાધુ સંતમાં આપી દેતા-સાધુઓને જમાડી દેતા લગભગ એમણે ૩૦૦ શિષ્યો કીધા હશે.

એઓશ્રી ભજન સાંભળનાર જેવું મંડળ તેવું ભજન ગાતા એમનાં દર્શન કરવા આવનાર અગર તો ભજંન સાંભળવા આવનાર માણસ મહા મુશ્કેલીએ ઘેર જતાં. કેમકે વાણી એવી મોહક અને લોહચુંબકવત્ હતી કે અંતઃકરણના ષડ્રિપુઓ ભજન સાંભળતાં નરમ પડી જતા એઓ દ્વારકાં, નાશીક, દેવકી ઉનાઇ, ગોદાવરી વગેરે સ્થળોએ જાત્રા કરી આવ્યા હતા. ભુલી નામે સુવારણ એમના ભજન ઉપર આશક્ત થઇ શિષ્ય બની છોકરા છૈયાં મુકી આવી રહી હતી. તે સંવત ૧૯૬૨ માં માંડવા તાલુકે અંકલેશ્વરમાં ગુજરી, અને એ સાધુ મોજે વરેડીઆ તાલુકે ભરૂચમાં સંવત ૧૯૬૬ માં ગુજર્યા. આ લેખકે એમને આજે પ્રકાશમાં મુક્યા છે તેનું કારણ માત્ર એમના સારા ગુણો છે.

વેગડો ભીલ.

(૪)

સરોડનો ડુંગર જે શીડોરથી[૧] આથમણે પાંચ ગાઉ ઉપર છે ત્યાં વેગડો ભીલ રહેતો હતો.[૨] એનો જન્મ કઈ સાલમાં અને

૧ ગુજરાત દેશનો ઇતિહાસ અને અમદાવાદના ઈતિહાસ કર્તા મી. મગનલાલ વખતચંદે પોતાના ગુજરાતના ઈતિહાસમાં એનું બીજું નામ શીંગપુર જણાવેલું છે.

૨ ગઢીઓ ડુંગર છે તે વેગડા ભીલની જગા હાલ સુધી કહેવાય છે તે ઉજડ છે અને જુની જગાનાં ચિન્હો જણાય છે.

ા ગામમાં થયો તે જણાતું નથી. પરંતુ મહમદગીજનવીએ સોમ-
ાથનું દહેરૂં તોડયું તે વખતે એ હયાત હતો.

એક વખતે હમીરજી નામનો રજપુત રાજા એનો ભાઇબંધ હતો તેણે આવી કહ્યું કેઃ—"ભાઈ. ગીજનવી સરહદપર ચઢી આવ્યો છે માટે મારે કેમ કરવું"? વેગડે કહ્યું કેઃ—"મોટા મોટા રાજા લડતા નથી તો તારે શા માટે જવું પડે છે. એ મુસલ-ાન બાદશાહની ફોજ ઘણી છે તેથી તે તારાથી પાછો વાળી નહિ." હમીરજીએ કહ્યું કેઃ—"ભાઇ! મિત્ર! હું તો ત્યાં ્ઇ યુદ્ધ કરી મરી જઇશ. પરંતુ મારા મનમાં એક જાતની ઉ-કંઠા રહી જાય છે એ મને સાલે છે બીજું કાંઈ દુઃખ નથી અને તે એક હું કુંવારો છું." પછી વેગડે પોતાની સ્ત્રીની સલાહ ઈ પોતાની કુંવરી હમીરજીને પરણાવી. હમીર થોડો વખત ત્યાં રહ્યો. તેથી તે કુંવરી ગર્ભવંતી થઇ તેના વંશના જે થયા તે હાલ સુધી દીવ પ્રગણે વાઘેરમાં ગોહિલ કાળી લોકો કહેવાય[1] છે.

ધન્ય છે આ વેગડા ભીલને કે પોતાની મિત્ર તરીકેની ફરજ બજાવી. જો કે તેની એ માગણી અયોગ્ય અને નાનમવાળી હતી તેમાં વેગડાને શું? તેણે પોતે જાત અને કુળનો વિચાર ન કર્યો વિષય વાસના માટે ઢેડના ઘેર જવું કે વેશ્યાના ઘેર જવું એ શું વ્યાજબી છે? એ ઘણું લજ્જાસ્પદ છે. વધારે શું લખવું? એવાં કર્મવાળાઓને કોઇ સમજુ માણુસ બોધ આપે છે ત્યાં તરત હાજી હાજી ભણે છે. તેના ગયા પછી "શેઠની શીખામણ ઝાંપા સુધી" એ પ્રમાણે કરી નાંખે છે.

---

૧ રજપુતે ભીલની છોકરી રાખી તેનાં જે છોકરાં થયાં તે શું કાળી કહેવાય? રજપુત ન કહેવાય?

માત્ર બાર જ આનામાં.

લગભગ છસેં પાનાનાં ત્રણ રૂપી-આની કીંમતનાં દશ પુસ્તકો આ બુકનં નામ લખી મોકલનારને મળશે. પોસ્ટેજ જુદું. પુસ્તકોના નામનું લીસ્ટ જોઈએ તો અરધા આનાની ટીકીટ મોકલી ખાત્રી કરો કે ઓરડર આપો કે જેમાં ઠગાવાની બીલકુલ ધાસ્તીજ નથી. સીલક હશે ત્યાં સુધીજ મલશે.

બી. સી. ચોધરી.

વડનગર-[ગુજરાત.]